|| સનાતન પરમો ધર્મ ||

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

સોસીયલ મિડીયા

પ્રચાર પ્રસાર જાગૃત ઉજાગર

સનાતન ધર્મ પત્રિકા

FOR MEMBERS INTERNAL CIRCULAR

● સં -૨૦૭૮ ● પોષ સુદ-પુનમ ● તા : ૧૭-૦૧-૨૨ ● સોમવાર SDP NO:636 MOB.:+91 7801877774,+91 7718977774 ankasantandharmpatrika@gmail.com

નખત્રાણા ના મધ્યવિભાગ સમાજ નું ઉત્સવ મંડળ યુવાઓનું શિલ્પકાર બન્યું છે.

પ્રમુખશ્રી ચંદુલાલ રૈયાણી, ઉત્સવ મંડળ નખત્રાણા

મહામંત્રી મિતેષ સાંખલા ઉત્સવ મંડળ નખત્રાણા

શ્રી સત્યનારાયણ પાટીદાર ઉત્સવ મંડળ (મધ્ય વિભાગ) નખત્રાણાની વાર્ષિક સામાન્ય સભા તારીખ ૧૯ /૧૨/ ૨૦૨૧ ના મળેલ. આ મિટિંગમાં એજન્ડા મુજબની કાર્યવાહીમાં સૌપ્રથમ ગત મિટિંગની મિનિટસનું વાંચન કરવામાં આવેલ. ત્યારબાદ ખજાનચી તુલસી સેંગાણી દ્વારા વાર્ષિક હિસાબોની રજૂઆત કરવામાં આવેલ. ત્યારબાદ મંડળની વિવિધ સમિતિઓ દ્વારા વાર્ષિક અહેવાલો રજૂ કરવામાં આવેલ અને છેલ્લે કારોબારીની ટર્મ પૂરી થતી હોવાથી નવી કારોબારીની રચના કરવામાં આવેલ. આ મિટિંગમાં મંડળના પ્રમુખશ્રી ચંદુભાઈ રૈયાણી, ઉપપ્રમુખશ્રીઓ તથા સર્વે હોદેદારશ્રીઓ, કારોબારી સભ્યો અને ૨૫૦ની સંખ્યામાં મંડળના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. મીટીગનું સંચાલન મહામંત્રી મિતેષ સાંખલા દ્વારા કરવામાં આવેલ.

સત્યનારાયણ સમાજ એટલે એને મધ્યવિભાગ સમાજ પણ કહેવાય છે. જ્યારે નખત્રાણા માં શ્રી કેન્દ્રીય સમાજના વિદ્યાર્થી હોસ્ટેલ નિર્માણ ના થયેલ તે સમયે આ સમાજ ભવન નો ઉપયોગ અન્ય ગામડાના વિદ્યાર્થીઓ અહી રોકાણ કરી અભયાસ કરતા હતા. કેન્દ્રીય સમાજ ને પ્રમુખ પણ આ ઉત્સવ મડળ ના સક્રિય કાર્યકર એવા મણિલાલ રામાણી પણ જવાબદારી નિભાવેલ. તેમજ યુવાસંઘ ના પૂર્વ પ્રમુખ દેવશંકર ધનાણી પણ આ સમાજ ના ઉત્સવ મંડળ ના નેતૃત્વ ની ફરજ અદા કરેલ છે. આવાજ આપણી સમાજ ના યુવા એક્ટર ચેતન ધનાણી પણ અહી આ ઉત્સવ મંડળ નું સોપાન છે.

કચ્છ રિજીયન ચેરમેન શૈલેષ પોકાર જેઓ હાલ ક્રાંતિદળ ના પ્રમુખ તરીકે એવા આપે છે તેઓ હાલ આ ટીમ માં સલાહકાર તરીકે પણ સેવા આપે છે..

આમ સત્યનારાયણ સમાજ એ કેન્દ્રીય સમાજ ના નેતૃત્વ નું હંમેશા પૂરકબળ બન્યું છે. હાલ ના પ્રમુખ ચંદુભાઈ રવાણી પણ રાષ્ટ્રીય સેવક સંઘ ના કચ્છ જિલ્લા ના અગ્રણીઓ માં સતત સક્રિય ભૂમિકા માં સેવા આપે છે અને નખત્રાણા માં RSS નું કેન્દ્ર વિકાસ પામે અને આપણી સમાજ ના યુવાઓ તેમાં નિરંતર સેવા આપે જેથી નિષ્ઠાવાન યુવાઓ નું ઘડતર થાય તેવા ઉત્તમ પ્રયાસ આ સત્યનારાય સમાજ ના લીડર નું રહેલ છે..

આવા ઉર્જા ના કેન્દ્ર સમાન મધ્યવિભાગ નખત્રાણા સમાજ નું યુવા ઉત્સવ મંડળ ની વિવિધ વાતો કરવા અને જાણવા અવસ્ય તેના નેતૃત્વ ને મળવું અને નખત્રાણા માં શ્રીસમાજ ના વૈવિધ્ય એવો સ્વર્ણિયમ માહોત્સવ ૨૦૧૦ માં ઉજવાયો તયારે નખત્રાણા ના અન્ય વિભાગ સાથે ઉત્સવ મંડળ ના કાર્યકરો ની ઉમદા સેવા અનેક સેવા કાજે રહી છે. શ્રીસમાજ ના અનેક સંમેલન અને સભાઓ માં આ ઉત્સવ મંડળ ના કાર્યકરો ની મુક સેવા સગવડતા અને સફળતા માં રહેલી છે..

શ્રી સત્યનારાયણ ઉત્સવ મંડળ (મધ્ય વિભાગ) નખત્રાણા ના નવ નિયુક્ત હોદેદારશ્રીઓ ની યાદી

પ્રમુખશ્રી - ચંદુલાલ ધનજી રૈયાણી

ઉ. પ્રમુખશ્રી ઓ

૧- વિનોદભાઈ ખીમજી વાલાણી

૨- આશિષભાઈ પ્રફુલભાઈ પાંચાણી

મહામંત્રી - મિતેશભાઈ શંકરલાલ સાંખલા

સહ મંત્રીશ્રી ઓ

૧- પિયુષભાઈ પ્રેમજીભાઈ રૈયાણી

૨- જીતેન્દ્રભાઈ તુલસીભાઈ વાલાણી

ખજાનચી શ્રી - યજ્ઞેશભાઇ મહેન્દ્રભાઈ નાથાણી

સહ ખજાનચીશ્રી ઓ

૧- ચંદ્રકાંત બાબુલાલ નાથાણી

૨- ભરતભાઈ કરસનભાઈ રૈયાણી

સલાહકાર શ્રીઓ

૧- શ્રી અરવિંદભાઈ પ્રેમજીભાઈ રૈયાણી

૨- શ્રી સુનિલભાઈ ગોપાલભાઈ વાલાણી

૩- શ્રી જીતેન્દ્રભાઈ વિશ્રામભાઇ રાજાણી

ઓડિટર્સ શ્રીઓ

૧- ભરતભાઈ શિવદાસ ભાઈ ધનાણી

૨- તુલસીભાઈ હરિભાઈ સેંઘાણી

કારોબારી સભ્યશ્રીઓ

નાગેન્દ્ર નવીનભાઈ કેસરાણી

યગ્નેશ જેન્તીભાઈ ધનાણી

કુંદન શાંતિલાલ ધનાણી

પ્રવીણ રતનશીભાઈ ધનાણી

વેદાંગ ભગવાનદાસ જબુવાણી

કૂંજેશ દિનેશભાઈ જબુવાણી

હિતેશ ચંદુલાલ વાલાણી

જ્યોતેશ મનસુખભાઈ રાજાણી

ચિંતન રાજેશભાઈ ભગત

વિવેક હિતેશભાઈ કેસરાણી

હિતેશ વાલજીભાઈ લીંબાણી

પરસોતમ જેંતીલાલ પાંચાણી

પ્રદીપ ચંદ્રકાંત પાંચાણી

કલ્પેશ રમેશભાઈ જબુવાણી

યોગેશ કાંતિલાલ રૈયાણી

રિતેશ પ્રવીણભાઈ નાથાણી

કિસન કાંતિલાલ નાથાણી

નિલેશ મોહનલાલ રૈયાણી

સંજય બળવંતભાઈ પાંચાણી

કિશોર કાંતિલાલ ભગત

મહેન્દ્ર મણિલાલ નાથાણી

ભાવિક શાંતિલાલ કેસરાણી

ભુપેન્દ્ર શિવજીભાઈ ભગત

દિપક મણિલાલ રાજાણી

જગદીશ ઈશ્વરલાલ કેસરાણી

હિતેશ દિલીપભાઈ ધનાણી

યશેસ કેશવલાલ નાથાણી

ઓડિટર્સ શ્રીઓ

૧ - ભરતભાઈ શિવદાસ

૨ - તુલસીદાસ હરિભાઈ સેંઘાણી

સમિતિના કન્વિનર તથા સહ કન્વીનરશ્રી

શિક્ષણ સમિતિ તથા મનોરંજન સમિતિ કન્વીનરશ્રી.

-નિલેશ મોહનલાલ રૈયાણી

સહ કન્વીનર - ભાવિક શાંતિલાલ કેસરાણી

સ્પોર્ટ્સ સમિતિ કન્વીનરશ્રી - કુંદન શાંતિલાલ ધનાણી

સહ કન્વીનર - ચિંતન રાજેશભાઈ ભગત

આઈટી સેલ કન્વીનરશ્રી - કલ્પેશ રમેશભાઈ જબુવાણી

ઈલેક્ટ્રીક સમિતિ કન્વીનરશ્રી - કિશોર કાંતિલાલ ભગત

સહ કન્વીનરશ્રી - સંજય બળવંતભાઈ પાંચાણી

સાઉન્ડ સમિતિ કન્વીનરશ્રી - કુંજેશ દિનેશભાઈ જબુવાણી

સહ કન્વીનરશ્રી- પ્રદીપ ચંદ્રકાંતભાઈ પાંચાણી પ્રવાસ

સમિતી કન્વીનરશ્રી - મહેન્દ્રભાઈ મણીલાલ નાથાણી

ઉત્તરાયણના દિવસેજ અતિરેક ઘાસચારો તે ધ્યાને જો લેવાય

જાણે ઉતરાયણ ના દિવસે જ ગાયો ને ભૂખ લાગતી હોય એમ નખત્રાણા મા અનેક જગયા એ લીલા ચારા નો અતિરેક પણ જોવા મળ્યો...બીજા દિવસ સુધી ચારો લોકો ના પગો મા આવતો રહ્યો. દાન કરવું જરૂરી છે

પણ યથા યોગ્ય જગ્યાએ થાય તો અતિરેક પણ ન થાય..માત્ર ઉતરાયણ નહી ચારો તો ૩૬૫ દિવસ નાખવો હિતાવહ છે માત્ર સંકરાત ના એક દિવસ હજારો મણ ચારો નાખ્યા બાદ પછી ત્યાં સફાઈ પણ ન કરવી કેટલી યોગ્ય આટલો ચારો અતિરેક નથી?? અહીના નવાવાસ અવાળા પાસે ઉતરાયણ ના દાનવીરો એ પુષ્કળ દાન કર્યું બે દિવસ સુધી ચારો લોકો ના પગો મા છુદાતો રહ્યો તો આ આ દાન નો શુ અર્થ?

દાન કરનાર દાન કરી ગયા હવે પંચાયત પાછળ થી સફાઈ પણ કરાવે એ પણ એટલુંજ જરૂરી છે. પણ એક ભેગું ચરણ ના નીરણ કરતા ઉત્તરાયણ જેન પતંગ ચગાવવા માં વધુ દિવસ મનાવે છે તેમ ઉત્તરાયણ બાદ ચારો પણ સતત આપવામાં આવે તો ગૌધન ખુશ તો થાય ને આશીર્વાદ પણ આપે.. સમજે કોણ દાન આપનાર કરતા ચારો ગાયો ને આપનાર પીરસનાર વધુ સમજે તો સારું??

સ્વાસ્થ્ય સુરક્ષા અભિયાન

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવાસંઘ પૂર્વકચ્છ રીજીયન સ્વાસ્થ્ય સુરક્ષા અભિયાન અંતર્ગત મેડીકલ ચેકઅપ કેમ્પ નંબર ૬ બિદડા સમાજ ખાતે આયોજિત કરવામાં આવ્યો.

જેમાં બિદડા સમાજ ની સાથે શ્રીરામ નગર, નાનીખાખર અને કૈલાસનગર સમાજના લાભાર્થીઓએ ભાગ લીધો.

સૌપ્રથમ સવારના ૬:૩૦ વાગ્યે શ્રી સમાજના પ્રમુખશ્રી શામજીભાઈ છાભૈયા, મંત્રી અમૃતભાઈ રામાણી તેમજ યુવક મંડળના પ્રમુખ દિનેશભાઈ પારસીયા અને મંત્રી હિતેશભાઈ સેંઘાણી તથા શિક્ષણ અને આરોગ્ય સમિતિના પ્રમુખ વિપુલભાઈ સેંઘાણી અને મંત્રી પિયુષભાઈ લીંબાણી તેમજ પૂર્વ કચ્છ રિજિયનના સેક્રેટરી રમેશભાઈ રામાણી, મહિલા મંડળના પ્રમુખ ભગવતીબેન ઉકાણી અને સહમંત્રી સવિતાબેન લીંબાણી આ સૌ હોદેદારોની સાથે મેડિકલ ટીમ હિતેશભાઈ પોકાર અને રતનભાઇ ગોગારી એ દિપ પ્રાગટ્ય કરી કેમ્પને ખુલ્લો મુક્યો.

યુવાસંઘ પુર્વ કચ્છ રીજીયન માંડવી ડિવિઝન ના મંત્રી પિયુષભાઈ લીંબાણી એ આવેલ સૌ હોદેદારો તેમજ મેડિકલ ટીમ નું શાબ્દિક સ્વાગત કર્યું.

આ મેડિકલ કેમ્પમાં કુલ ૧૪૫ જેટલા લાભાર્થીઓએ લાભ લીધો. શ્રી બિદડા પાટીદાર સમાજના મંત્રી અમૃતભાઈ રામાણી એ યુવાસંઘ ની હેલ્થ અને ડિઝાસ્ટર થીમ અંતર્ગત મેડીકલ કેમ્પ એ હાલના યુગમાં ખૂબ જ જરૂરી છે જેથી આપણે સ્વાસ્થ્ય અંગે અવગત થઈ શકીએ તેમ જણાવ્યું.

યુવક મંડળના મંત્રી હિતેશભાઈ સેંઘાણી એ દાતાશ્રીઓનો આભાર માન્યો તેમજ યુવાસંઘ ની આ મેડિકલ કેમ્પ ની કામગીરીને બિરદાવી.

યુવક મંડળના પ્રમુખ દિનેશભાઈ પારસીયા એ મેડિકલ રિપોર્ટ બાદ સ્વાસ્થય અંગે કાળજી લેવાનું સૂચવ્યું. તેમજ કોરોના અંગે સર્વે સમાજ જનો તકેદારી રાખે તેમ જણાવ્યું. સમગ્ર કાર્યક્રમની આયોજન વ્યવસ્થા યુવક મંડળ ની ટીમ તેમજ સમાજની શિક્ષણ અને આરોગ્ય ની ટીમે સંભાળી હતી.

ટીમ પ્રચાર પ્રસાર યુવાસંઘ પૂર્વ કચ્છ રિજીયન

નખત્રાણા નવાવાસ યુવામંડળના નવા સુકાનીની નિયુક્તિ

પ્રમુખ ઝવેરભાઈ શાંતિલાલ કેશરાણી

મહામંત્રી નીતિન ભાદાણી

નખત્રાણા નવાવાસ નવયુવક મંડળના નવા સુકાની જાબાજ ઝવેરભાઈ શાંતિલાલ કેશરાણી..

સરસ રીતે સભા સંચાલન કરતા અનુભવી અને છેલ્લા ૧૫રેક વર્ષથી નાની મોટી સેવામાં કાર્યરત નીતિનભાઈ ભાદાણી મહામંત્રી પદે...

નખત્રાણા તેમજ આસપાસના થતા સામાજીક ,રાજકીય , ધાર્મિક તેમજ મેડિકલ કેમ્પથી લઈને કોઈકને મોડી રાત્રે હોસ્પિતલાઈજ કરવા હોય તો ઝવેરભાઈ હાજરાહજુર હોય..

ઝવેરભાઈ એ ખરેખર સામાજીક ક્ષેત્રે મોટું સમયદાન આપ્યું છે. સામાજીક સેવા અને માનવસેવા માટે ધબકાર કરતું હૃદય એટલે ઝવેરભાઈ શાંતિલાલ કેશરાણી એમ કહેવું પણ કાઈ ખોટું નથી.અગામી ૩ વર્ષ માટે નવાવાસ નખત્રાણાએ જાબાઝ ઝવેરભાઈને નવા સુકાની નો તાજ તેમના શિરે મુક્યો છે. આ તાજને ઉમંગ ,ઉત્સાહ અને સામાજીક કાર્યથી દિપાવસો હૃદયપૂર્વક શુભેચ્છાઓ....

નીતિનભાઈ જ્યારે સભા સંચાલન કરતો હોય અને નાની નાની વસ્તું અને વ્યક્તિની ઝીણવટભરી તકેદારી રાખે અને સિદ્ધાંતો જોડે કોઈપણ પ્રકારના બાંધછોડ કરતો નથી . લગભગ છેલ્લા ૧૫ વર્ષથી ક્રિકેટ ટુર્નામેન્ટમાં શાનદાર કોમેન્ટ્રી અને નખત્રાણામાં ધાર્મિક , સામાજીક પ્રોગ્રામમાં સભા સંચાલન અને હાલ તેઓ આ વિસ્તારમાં એકમાત્ર પ્રોફેશનલ રીતે લગ્નપ્રસંગે હલદી રસમની ઈવેન્ટ પણ સંચાલન કરતા હોય તો તે નીતિન ભાદાણી છે..!

નખત્રાણા અને આસપાસના ગામડાઓમાં સરકાર શ્રી દ્વારા તેમજ અન્ય આંદોલન વગેરે રેકોર્ડ થયેલ અવાજ મોટાભાગે નીતિન ભાદાણીનો હોય.. નખત્રાણા સંયુક્ત નવયુવક મંડળ ના છેલ્લા ૫ વર્ષથી સહમંત્રી પદે તેમજ યુવાસંઘ પશ્ચિમ કચ્છ રિજીયનના નારાયણ ડિવિઝનના મહામંત્રી પદે તેમજ નખત્રાણા નવાવાસ નવયુવક મંડળના મહામંત્રી પદે ૨ ટર્મથી નીતિનભાઈ ભાદાણી પોતાની સેવા અર્પિત કરી રહ્યા છે..

વર્ષ ૨૦૨૨ -૨૦૨૪ના સલાહકારશ્રી...

છગન ભાઈ ખેતા ભાઈ ધનાણી

કાન્તિલાલ ગોવિંદ નાથાણી

પ્રતાપ ભાઈ કાનજી સુરાણી

નટવરલાલ મગનલાલ કેસરાણી

જીતેન્દ્ર ભાઈ વીરેન્દ્ર ભાઈ ડાયાણી

મણિલાલ કરમશી સુરાણી

અમૃતલાલ તુલસીદાસ કેસરાણી

વર્ષે ૨૦૨૨ - ૨૦૨૪ના હોદેદારશ્રી.

પ્રમુખશ્રી-ઝવેર ભાઈ શાંતિલાલ કેસરાણી

ઉપપ્રમુખશ્રી-નિલેશભાઈ નરેશભાઈ ડોસાણી

દિનેશભાઈ રવિલાલ સેંઘાણી

મહા મંત્રીશ્રી - નીતિન ભાઈ દેવજી ભાદાણી

સહમંત્રીશ્રી - ભાવેશ વિઠ્ઠલદાસ પુંજાણી

ભરત મહેન્દ્રભાઈ છાભૈયા

ખજાનચીશ્રી - રમેશભાઈ ખેતાભાઇ ધનાણી

સહખજાનચીશ્રી - નીતિનભાઈ ભરતભાઈ સુરાણી

સ્પોર્ટ્સ મંત્રી - કમલેશભાઈ તુલસીદાસ માનાણી

ધર્મેન્દ્ર ભાઈ પ્રેમજીભાઈ સુરાણી

બાલમંદિર મંત્રી - સુરેશભાઈ રતનશી કેશરાણી

નવિનભાઈ કાનજી ભોજાણી

મનીફાઉંડેસન - સુરેશભાઈ કાનજી સુરાણી

અલ્પેશભાઈ મણીલાલ લીંબાણી

કારોબારી સભ્યો

૧) કલ્પેશ બાબુભાઈ સુરાણી

૨) ધવલ દિનેશભાઈ નાથાણી

૩) ધર્મેન્દ્ર બાબુભાઈ કેશરાણી

૪) હિતેશ મગનભાઈ કેશરાણી

૫)હરેશ પ્રવિણભાઈ ધનાણી

૬)ભરત રવજીભાઈ છાભૈયા

૭) નરસિંહ ભાણજીભાઈ જબુઆણી

૮) યોગેન્દ્ર શંકરલાલ સુરાણી

૯)કેવલ ચંદુલાલ ધનાણી

૧૦) વિપુલ બાબુભાઈ ધનાણી

૧૧)રાજેશ ડાયાભાઈ સેધાણી

૧૨) દિનેશ મોહનલાલ સેધાણી

૧૩) શૈલેષ મણીભાઈ સુરાણી

૧૪)મનીષ તુલસીદાસ સુરાણી

૧૫) વિજય પરસોતમભાઈ સુરાણી

૧૬) કુલદીપ મોહનલાલ કમાણી

૧૭) પિયુષ શિવજીભાઈ ધનાણી

૧૮) જયેશ ભગવાનદાસ નાથાણી

૧૯)આષીશ ભરતભાઈ ધનાણી

૨૦) હિતેશ મોહનલાલ ધનાણી

૨૧) પ્રિતેશ શંભુભાઈ કેશરાણી

મનોજ વાઘાણી...PRO

સદા અગ્રેસર એવા દક્ષિણ મહારાષ્ટ્ર ગોવા રિજીયન યુવાસઘ ની કાર્યશાળા વેબીનાર

DMG રિજીયન ચેરમેન ઈશ્વર પોકાર, મહાડ

DMG રિજીયન ચીફ સેક્રેટરી ઈશ્વર છાભૈયા

ગત રોજ પ્રથમ સેશન ની કાર્યશાલ બરાબર સમય સર ૦૯ કલાકે શરૂઆત થઈ. ૧૮૦ થી ૧૯૫ ની સંખ્યામાં નેતૃત્વ ની ડેલીએ ઉભેલા ઝૂમ વેબીનાર માં જોડાયેલ દક્ષિણ મહારાષ્ટ્ર ગોવા ના યુવા કાર્યકર સ્વર્ણિયમ પર્વની પૂર્વે ઉજવણી પહેલા આકાર નું કાલ્પનિક ચિત્ર ને અસ્તિત્વ માં લાવવાનો પ્રયાસ થયો. કાઉન્સિલ પ્રેસિડેન્ટ વિનોદ ભાવણી એ સહુને સરળ ભાષા માં એક જ વાત કરી કે જેમ વેહિકલ ડ્રાઈવી કરતા હોઈએ ગતિશીલતા નું બેલેન્સ કરવામાં જમે શરીર ની ઈન્દ્રિયો અને વેહિકલ ના સાધન માં સામ્યતા જોઈએ તોજ સમયસર લક્ષ સુધી પહોંચી શકાય છે. આ જ બેલેન્સ યુવાસંઘ ના માળખા ની વુવિધ સમિતિઓ ના લીડર ની સામ્યતા આવશ્યક જોઈએ છે. તત્કાલીન પ્રેસિડેન્ટ ડો.વસંત ધોળું દ્વાર લીડર નું કર્તવ્ય અને યુવામડળ નું સંઘઠન યુવાસંઘ ના કેવા કર્તવ્ય ભાવ થી સમાજ વિકાસ થી રાષ્ટ્ર વિકાસ માં પરિણામ પ્રાપ્ત કરી શકીએ છે. અહી રિસવાનો કોઈનો અધિકાર નથી. કોમ્યુનિકેશન માત્ર કામ માટે કરવું તે પરિણામ ના આપે કોમ્યુનિકેશન તો વિવિધ રીતે સતત હોવું જરૂરી છે જેથી તે લીડર આપ સાથે આત્મિય બને છે.. કાંતિભાઈ સિંનર દ્વારા ત્રીસ્તીય માળખામાં યુવાસંઘ નો વહીવટ કઈ રીતે પરિણામ આપી શકશે એનું પીપીટી દ્વારા સહુને કર્તવ્ય સાથે અડમીન ના માળખાને સરળ સમજાવી શક્યા હતા. યુવાસંઘ પ્રેસિડેન્ટ હિતેશ રામજીઆણી દ્વારા દક્ષિણ મહારાષ્ટ્ર ગોવા ના પૂર્વ લીડર ને કારણે સહુથી લક્ષ પ્રાપ્તિ માં અંગ્રેસર રહ્યા છે અને આગામી સમયે પણ રહશે એવું અભિનદીત કરતા ઉદબોધન કરેલ હતા..

આજ બીજો દિવસ આ કાર્યશાળા નો છે જેમાં વિવિધ વકતા અનુભવ નું ભાથું પીરસવાના પ્રયાસ કરશે...

દ્વિતીય સત્ર તા : ૧૭.૦૧.૨૦૨૨ સોમવાર

૦૯:૦૦ PM સ્વાગત અને સમૂહ પ્રાર્થના

૦૯:૧૫ PM કાર્ય સુગંધથી આફત ને અવસરમા બદલીએ... (માર્ગદર્શક - શ્રી ગૌરંગભાઈ ધનાણી - સુરત

જ્ઞાન શીલ એકતા થી સુરક્ષા સમૃદ્ધિ . (માર્ગદર્શક - શ્રી હરિકૃષ્ણ શાસ્ત્રીજી- સુરત)

૦૯:૪૫ PM મિશન ના મંડાણ ૨૦૨૧-૨૩ , લક્ષ્યાકોની કટીબધ્ધતા (માર્ગદર્શક - શ્રી નટવરભાઈ સામાણી - નાગપુર -કેન્દ્રીય યુવા સંઘ Mission Chairman)

૧૦:૦૦ PM ઓપન મંચ

૧૦:૪૫ PM Mission YSK ૫૧૦૦૦ કરવા માટે DMG Region નો રોલ (રમણભાઈ ઠાકરાણી -દેવગડ YSK Coordinator)

Ocean Council ના સેક્રેટરી ગિરીષ ભાવાણી -કોલ્હાપુર નું માર્ગદર્શન કાર્ય હમસે કરેંગે દીલશે ...

(ધીરજભાઈ લીંબાણી -કોલ્હાપુર DMG Region Mission Chairman) સ્વર્ણિમ કાર્યશાળા ફળસૂતિન સંદેશ(માર્ગદર્શક - શ્રી દિનેશભાઇ રૂડાણી - લાંજા)

DMG Zone Samaj ના પ્રમુખશ્રી પુરષોત્તમભાઈ રૂડાણી -રાજાપુર ના આર્શિવચન

DMG_Zone Samaj ના મહામંત્રી કાંતિભાઈ ઠાકરાણી - વિજયદુર્ગ ના આર્શિવચન

DMG Region ના પ્રમુખશ્રી ઈશ્વરભાઈ પોકાર - મહાડ ના ઉધબોધન આભાર વિધી.

DMG Region PRO વિનોદભાઈ પોકાર -ખેડ

Act locally Think Globlly.

આજની ચિંતન કણિકા

બાળકને જન્મ આપવો એ એક સહજ જૈવિક પ્રક્રિયા છે, પણ એને 'જીવન' આપવું અઘરું છે...સંસ્કારયુક્ત જીવન એ જ જીવન છે. માબાપ થઈ જવું સરળ અને સાહજિક છે પણ માબાપ 'બનવું' કઠિન છે.

બાળકનું પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ અને વ્યક્તિત્વ છે. એને એક સ્વતંત્ર વ્યક્તિ તરીકે સ્વીકારવો જોઈએ. અન્યથા એની મૌલિકતા અને સંવેદના ખતમ થઈ જશે.

બાળકોને સંભાળનાર કરતાં સાંભળનારની વધુ જરૂર હોય છે. એને ઘણું કહેવું હોય છે, બોલવું હોય છે...પણ કોની પાસે બોલવું ? પુષ્કળ સામગ્રીના ખડકલા અને તમામ અનુકૂળતા પણ વાલીના એક હૂંફાળા કલાકની બરાબરી કરી શકતાં નથી. માણસ પવનથી નહી, શ્વસનથી જીવે છે. વાલીનું સ્નેહલ સાંનિધ્ય એ બાળકની શ્વાસનક્રિયા છે. વાલીઓનો સમયાભાવ કેટલાય બાળકોને ગુંગળાવે છે.

માટે હે વાલીઓ,

તમારું પ્રેમભર્યું સાંનિધ્ય અને તમારો ગુણવત્તાયુક્ત સમય બાળક માટે અવશ્ય ફાળવો.

મિશન અભિમન્યુ

શ્રી ઉમા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ

SUV International school.

રાષ્ટ્ર | આઝાદી કા અમૃત મહોત્સવ

જેમણે આઝાદીની મશાલ પ્રજ્વલિત કરીને સમાજ માટે દ્રષ્ટાંત પૂરું પાડ્યું

ભારતનો સ્વતંત્રતા સંઘર્ષ આધુનિક વિશ્વના મહાન સંઘર્ષોમાંનો એક છે. સ્વતંત્રતા સંગ્રામમાં દરેક વર્ગ અને સમુદાયના લોકોએ ભાગ લીધો હતો અને પોત પોતાની રીતે યોગદાન આપ્યું હતું. તેમનાં સંઘર્ષોનાં પરિણામે જ 15 ઓગસ્ટ, 1947નાં રોજ ભારત આઝાદ થઈ શક્યો. આઝાદીના 75માં વર્ષમાં પ્રવેશ પ્રસંગે દેશ આઝાદીનો અમૃત મહોત્સવ મનાવી રહ્યો છે. આ મહોત્સવમાં સ્વતંત્રતા સંગ્રામમાં ભાગ લઈને માં ભારતીને ગુલામીના બંધનમાંથી મુક્તિ અપાવનારા લડવૈયાઓને આજે દેશ શ્રધ્ધાપૂર્વક યાદ કરી રહ્યો છે. આઝાદીના અમૃત મહોત્સવમાં આ અંકમાં મહાદેવભાઇ દેસાઇ, તિલકા માંઝી, ડો. સૈફુદ્દીન કિચલૂ, વિષ્ણુ દામોદર ચિતળેએ આઝાદીની લડાઈમાં ભજવેલી ભૂમિકા અંગે જાણીએ. આ એ સેનાનીઓ છે, જેમણે અંગ્રેજોનો હિંમતભેર સામનો કર્યો, એટલું જ નહીં પણ એક આદર્શ પ્રસ્તુત કર્યો, જે આજે પણ દેશવાસીઓ માટે અનુકરણીય છે...

" જસવંત સુરાણી "

શ્રી પાટીદાર સમાજ રાજનંદગાવ છત્તીસગઢ ૨૦૨૧-૨૪ ના ટર્મ માટે નવા સમાજ ના સુકાની (અધ્યક્ષ) તરીકે, કાંતિલાલ નથુભાઈ દીવાણી ની નિયુક્તિ કરવા માં આવેલ

ભાવભીની શ્રદ્ધાંજલી-સનાતન ધર્મ પત્રિકા

તારીખ ૧૫/૧/૨૦૨૨

સ્વ: વાલાબેન ડાહ્યાભાઈ સાંખલા ઉમર વર્ષ: ૯૦

કચ્છ માં ગામ ઉખેડા હાલે ડીંડોરી, નાશિક

તારીખ : ૧૬/૦૧/૨૦૨૨ રવિવાર

નામ : સ્વ.શ્રી વિજયાબેન પરસોતમભાઈ માકાણી, ઉમર : ૫૬ વર્ષ,

કચ્છ માં ગામ : માતાજીના નેત્રા હાલે ગામ : કોઈમ્બતુર

અવસાન નું કારણ : અત્યંત દુઃખદ અવસાન

સ્વ: પ્રેમજીભાઈ દેવશીભાઈ મેપાણી (રામાણી) ઉમર વર્ષ : ૭૭

કચ્છ માં ગામ કોટડા (જ) હાલેઃ ભુવનેશ્વર (ઓરીસા)

સ્વ: નરસિંહભાઈ રતનશીભાઈ પોકાર ઉમર વર્ષ: ૬૭

કચ્છ માં ગામ કાદીયા નાના હાલેઃ કોલ્હાપુર (સ્ટૅટ)

સ્વ: કંકુબેન પચાણભાઈ વાલાણી ઉમર વર્ષ: ૯૮

કચ્છ માં ગામ વિથોણ હાલેઃનેવાસા ફાટા (મહારાષ્ટ્ર) શ્રીરામપુર

સ્વ: રણમલભાઈ મનાભાઈ પોકાર ઉમર વર્ષ: ૮૬

એન.ટી.આર.નગર (હૈદરાબાદ),કચ્છ માં ગામ કાદીયા

સ્વ. મેઘજીભાઈ કાનજીભાઈ ચોધરી ઉમર : ૯૭ વર્ષ

કચ્છમાં : રસલિયા હાલમાં : બેંગ્લોર (માગડી રોડ)

અવશાન કારણઃ ઉમર

પરમકૃપાળુ પરમાત્મા સદગતના દિવ્ય આત્મા ને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના, શ્રી સમાજ સનાતન ધર્મ પત્રિકાની પ્રચાર પ્રસાર સમિતિ દ્વારા ભાવ પૂર્ણ શ્રદ્ધાંજલિ ૐ શાંતિ શાંતિ શાંતિ ....

H.K. DOORS
HK DOORS
First IMPRESSION of your HOUSE
BEAUTIFUL AND STRONG DOORS FOR YOUR HOME
TERMITE-RESISTANT | FIRE-RESISTANT | DURABLE
HEAD OFFICE
Sri Narayan Timber, Survey No. 186/187, Plot No. 7,8,9, Chudva
Gandhidham - 370201, Kutch, Gujarat - India.
Hareshbhai Rudani - Mo. +91 99791 57883
BRANCH OFFICE
1. DHARWAD - KARNATAKA
Kishorbhai - Mo. +91 94826 95508
2. HYDERABAD - TELANGANA
Bhaveshbhai - Mo. +91 78934 59459
3. CHENNAI - TAMILNADU
Vivekbhai - Mo. + 91 98843 12266
Janakbhai - Mo. +91 98413 88663
4. VIJAYWADA - ANDHRA PRADESH